## મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા બાયો-ફર્ટીલાઇઝર પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ હરોળના નિદર્શન માટેની ખેડૂત તાલીમ તેમજ કીટ વિતરણ કરાયું.

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે તા.૧૪/૧૦/૨૦૨૦ ના રોજ "મકાઈની વૈજ્ઞાનિક ખેતી" અંગે તાલીમનું આયોજન કરેલ હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા અત્રેના કેન્દ્ર દ્વારા એક દિવસની તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૫૦ જેટલા ખેડૂત ભાઈઓ તેમજ બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમમાં પ્રથમ હરોળના નિદર્શન માટે એક ખેડૂત દીઠ એક એકરના પ્લોટ માટે ૮ કિલો મકાઈની નવી હાઇબ્રીડ જાત જી.એ.વાય.એમ.એચ-૧ અને અનુભવ બ્રાન્ડનું બાયો એન.પી કોન્સોરટીયમ ૧૦૦ મિલી નિદર્શન કિટમાં આપેલ હતું.

અત્રેના કેન્દ્રના યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક, ડો.એમ.બી.પટેલ એ મકાઈની મુલ્ય વર્ધિત જાતો અને તેની માહિતી આપી. શ્રી. કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઇ પાકમાં રાસાયણિક ખાતરની માત્રા તેમજ તેના તબક્કા વાર ઉપયોગ અંગે તેમજ મકાઇ પાકમાં થતાં નીંદામણના નિયંત્રણ અંગે ભલામણ કરેલ દવાના ઉપયોગ અંગે સમજ આપેલ હતી.

શ્રી.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈની વૈજ્ઞાનિક અને નફાકારક ખેતી પદ્ધતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી તેમજ મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા તેનો ઉપયોગ કરી રાસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો તેમજ ખેડૂત-મિત્રોને મકાઇની ખેતી પદ્ધતિ અંગેની વિડીયો ફિલ્મ બતાવીને મકાઇની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિષે માહિતગાર કરેલ હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી.ડી.એમ.રાઠોડે કરેલ હતું અને ખેડૂત મિત્રો ના પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવેલ હતું. કાર્યક્રમના અંતમાં ખેડૂત-મિત્રોને નિદર્શન માટેની કીટનું વિતરણ કરવામાં આવેલ હતું.







બાયો-ફર્ટીલાઇઝર પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ હરોળના નિદર્શન માટેની ખેડૂત તાલીમ તેમજ કીટ વિતરણ